بسم اللہ الرحمن الرحیم

# સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.21-07-2017 સ્થળ: બૈતુલ ફુતુહ લંડન

તશહુદ તઆઉઝ તથા સુર: ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝે ફરમાવ્યું:

જલસા સાલાના યૂ.કે. ઈન્શાઅલ્લાહ આવતાં જુમ્માથી શરૂ થઈ રહ્યો છે. અલ્લાહ તઆલાના ફઝલથી જલસામાં સામેલ થનાર બીજા દેશોથી મહેમાનોનું આગમન શરૂ થઈ ગયેલ છે અને જેમ જેમ જલસાના દિવસો નજીક આવતા જશે, નજીક અને દુર દેશોથી મહેમાનોના આગમનમાં વૃદ્ધિ થતી જશે. તેવી જ રીતે બર્તાનિયાના અન્ય નગરોથી પણ મહેમાનોનું આગમન શરૂ થઈ જશે. જલસાના મહેમાનોમાં અહેમદીઓ સિવાય જે જલસાની બરકતોથી લાભ મેળવવા માટે અહીયા આવે છે, અન્ય દેશોથી બીજી જમાઅત તથા બિન મુસ્લિમ મહેમાન પણ પધારે છે જેમાંથી કેટલાક દેશોથી સરકારી પ્રતિનિધિ અથવા સરકારી અધિકારી અને શિક્ષિત વર્ગ જે સમૃદ્ધ લોકો હોય છે તે સામેલ થાય છે. તેવી જ રીતે પ્રેસ અને મીડિયાથી તાલુક રાખનાર લોકોની સંખ્યામાં પણ હવે વૃદ્ધિ થવી શરૂ થઈ ગઈ છે અને આ આવનાર ખુબ ગહેરી દ્રષ્ટિથી આપણી તમામ વસ્તુઓને જુએ છે તથા સાધારણ રીતે પ્રભાવિત થાય છે અને ખાસ કરીને આપણા પ્રબંધને જુએ છે જે સંપૂર્ણ રીતે સ્વયં સેવા પર આધારિત વ્યવસ્થા છે તો આ વસ્તુ પણ પ્રચારનો માર્ગ ખોલે છે અને અધિક પરિચય થાય છે અને અધિક અહેમદિયત વિશે જાણવાનો પ્રયાસ કરે છે. આથી આ દિવસોમાં આપણા કામ કરનાર સ્વયં સેવક પુરૂષ મહિલાઓ, છોકરાઓ અને છોકરીઓ, બાળકો એક પ્રકારની ખામોશ તબલીગ કરી રહ્યા હોય છે તથા પ્રૈસના માધ્યમથી અહેમદિયતનો પરિચય વિશ્વમાં ચારે બાજુ વિસ્તૃત રૂપથી ફૈલાય છે. હવે પ્રૈસનું ધ્યાન સામાન્ય દિવસોમાં પણ ઘણી વાર અમુક ઘટનાઓના કારણે જમાઅત તરફ થઈ રહ્યો છે. દા.ત. અહીયા યૂરોપમાં આતંકી ઘટનાઓ બાદ જમાઅતના લોકોએ જેમાં મહિલાઓ પણ સામેલ હતી, પુરૂષ પણ સામેલ હતા તેમણે ઈસ્લામનો વાસ્તવિક સંદેશ લોકોને આપવાનો પ્રયાસ કર્યો. આ ઘટનાઓ પછી આપણા પ્રૈસના વિભાગે પણ ખુબ સારી ભૂમિકા નિભાવી. જમાઅતને ઈસ્લામની શાંતિ પ્રિય તાલીમના સંદર્ભમાં વિશ્વ પ્રૈસએ દુનિયામાં વિસ્તૃત સ્તર પર પરિચય કરાવ્યો છે. જેમ જેમ આ ઘટનાઓ વધી રહી છે જમાઅતનો પરિચય પણ અધિક વધી રહ્યો છે. તો આ રીતે જલસાના દિવસોમાં પણ અલ્લાહ તઆલા આ માધ્યમે ઈસ્લામનો પરિચય કરાવવાનો ખુબ સામાન ઉપલબ્ધ ફરમાવી રહ્યો છે. જલસાના પ્રોગ્રામો, ભાષણો વગેરે દ્વારા જ્યાં અહેમદી રૂહાનિયતમાં પ્રગતિ કરવાનો પ્રયાસ કરે છે ત્યાં બીજી જમાઅતના મહેમાનો અને પ્રૈસ જ્ઞાન તથા આસ્થા વર્ધક તાલીમને સાંભળવાની સાથે સાથે સામાન્ય રૂપથી જલસાના વાતાવરણ અને અહેમદી પુરૂષો અને મહિલાઓની સ્વયં સેવા તથા આતિથ્યની ભાવનાથી તેમને કામ કરતા જોઈને ઈસ્લામની સુંદર તાલીમનું વ્યવહારીક દ્રશ્ય પણ જોઈ લે છે અને જેવું કે મેં કહ્યું કે આ એક ખુબ જ મોટું તબલીગનું સાધન છે. આમ સ્વયં સેવક કાર્યકર્તાઓની એક મોટી ભૂમિકા છે અને કાર્ય કર્તા જ્યાં અને જે અવસ્થામાં પણ કામ કરે છે, તેમનું એક મહત્વ છે તથા આ મહત્વને એક સામાન્ય કાર્યકર્તાથી લઈને અફસર સુધી પ્રત્યેકે પોતાની સામે રાખવું જોઈએ. એક સામાન્ય કાર્યકર્તા ચાહે તે નાનો પાણી પીવડાવવા વાળો બાળક જ હોય તેનો વ્યવહાર અને લગન સાથે નિ:સ્વાર્થ થઈ કર્ય કરવું જ્યાં તેને અલ્લાહ તઆલાની પ્રસન્નતા પ્રાપ્ત કરનાર બનાવે છે ત્યાં ગૈરોને પણ પ્રભાવિત કરી રહ્યો હોય છે જેને જલસામાં સામેલ મહેમાન અભિવ્યકત પણ કરે છે. તેવી જ રીતે સહયોગીઓ સિવાય અધિકારીઓએ પણ યાદ રાખવું જોઈએ કે કેવળ પોતાના કાર્યકર્તાઓ તથા સહયોગીઓને જ સેવા કરનાર સમજીને તેનાથી કામ ન લે બલ્કે સ્વયં પણ વિનમ્રતા પૂર્વક એક સહયોગી તથા એક સાધારણ કાર્યકર્તાના રૂપમાં

કામ કરવાનો પ્રયાસ કરે. પોતાના કાર્યકર્તાઓથી તથા અન્ય લોકોથી પણ, મહેમાનો સાથે પણ પોતાનો વ્યવહાર નરમ અને સહયોગ કરનાર બનાવી રાખે. ચહેરા પર કૃતજ્ઞતા અને વિનમ્રતાનો ભાવ રહે, ભાષામાં નમ્રતા તથા શિષ્ટાચારના ઉત્તમ વ્યવહારના સ્તર કાયમ થઈ રહ્યા હોય. હંમેશા યાદ રાખવું જોઈએ કે મહેમાન નવાઝી એક મહત્વ પૂર્ણ વિભાગ છે અને મહેમાન નવાઝી કેવળ ભોજન કરાવવું અને પાણી પીવડાવવું અથવા અધિકથી અધિક વિશ્રામની વ્યવસ્થા કરી દેવી જ નથી બલ્કે જલસા સાલાનાના પ્રત્યેક વિભાગ જ મહેમાનની આવભગત છે ચાહે તેને કોઈ પણ નામ આપવામાં આવ્યો હોય. જલસામાં જે પણ આવે છે તે અતિથિ છે અને તેની જરૂરીયાતોનું આપણા સામર્થ્ય અનુસાર ધ્યાન રાખવું તમામ તે વ્યકિત માટે અનિવાર્ય છે જે કોઈ પણ ડયૂટી પર નિયુકત છે. તેના માટે હઝરત મસીહ મૌઉદ અ.સ.એ પોતાની ભાવનાઓને એક સ્થાને વ્યકત કરી છે જે આપણા માટે મૂળ રૂપથી કાર્ય પધ્ધતિ છે. આપ અ.સ.એ એક અવસરે ફરમાવ્યું કે મારૂ હંમેશા ધ્યાન રહેતુ કે કોઈ અતિથિને મુશ્કેલી ન થાય બલ્કે તેના માટે હંમેશા સાવચેતી રાખું છું કે જ્યાં સુધી થઈ શકે મહેમાનને આરામ આપવામાં આવે. ફરમાવ્યું કે મહેમાનનું દિલ દર્પણની જેમ કોમળ હોય છે અને જરાક પણ ઠેસ લાગવાથી ટુટી જાય છે.

હુઝુર અનવરે ફરમાવ્યું કે આ વાતને હંમેશા આપણે યાદ રાખવું જોઈએ અને પોતાના મન પર નિયંત્રણ કરીને પણ આપણે મહેમાનને આરામ અને સુવિધા પહોચાડવાનો પ્રયાસ કરવો જોઈએ અને પ્રત્યેક વિભાગના અધિકારીઓથી હું કહીશ કે જો તેમનો વ્યવહાર વિનમ્ર છે, તેમના આચરણ સારા છે, તેમનામાં સંતોષ છે, તેમનામાં ઉચિત વાત સાંભળવાનો સાહસ પણ વધેલ છે તો તેમના નાયબ અને સહયોગી પણ તેવો જ વ્યવહાર મહેમાનો સાથે દેખાડશે તથા આતિથ્યના સુંદર નમૂનાઓ દેખાડશે. પણ જો અધિકારીઓના મોં પર કઠોરતા, વાતોમાં કટુતા અને વાતને ધ્યાન પૂર્વક ન સાંભળવું તથા સહન કરવાની આદત નથી તો તેમના નાયબ પણ અને સહયોગી પણ તેવો જ વ્યવહાર દેખાડનાર હશે. માટે મહેમાનની આવભગતના ઉચ્ચ સ્તર સ્થાપવા માટે પ્રત્યેક વિભાગના અફસર પોતાની સ્થિતિનું અવલોકન કરતા રહે તથા વિનમ્રતા અને વિનયતાને ચરમ સીમા સુધી પહોચાડવાનો પ્રયાસ કરે.

હુઝુર અનવરે ફરમાવ્યું કે વિશ્રામ ગૃહની વ્યવસ્થા કરનારાઓએ યાદ યખવું જોઈએ કે સામૂહિક વિશ્રામ ગૃહોમાં પણ અને તંબુઓમાં પણ મહિલાઓ અને બાળકો વગેરેનો વિશેષ રૂપમાં ખ્યાલ રાખે. નિઃસંદેહ આજ કાલ ગર્મીના દિવસો છે પણ રાત્રે મૌસમ એક દમ ઠંડો પણ થઈ જાય છે અને હદીકતુલ મહદીમાં, જ્યાં જલસો થવાનો છે ઈન્શાઅલ્લાહ તઆલા, લંડનની તુલનામાં ચાર પાંચ ડિગ્રી temperature ઓછું રહે છે. માટે જે લોકો પોતાના આરામનો પ્રબંધ કરીને આવે છે તેમણે આ વાતને સામે રાખવી જોઈએ કે સારો પ્રબંધ હોય રાત્રે ઉંઘવા માટે. ગત વર્ષનો અનુભવ આ જ છે કે નાના બાળકો વાળા ઘણી વાર મોસમ ઠંડો હોવાના કારણે હૈરાન થતા હતા. તેવી જ રીતે ભોજન કરાવનાર છે જેમનો સીધો મહેમાનોથી સંપર્ક છે તેમને હું હંમેશા યાદ કરાવું છું કે ભોજન આપતા સમયે, થાળીના પિરસતા સમયે મહેમાનની પસંદ પણ જોઈ લે આમ તો આમા ખુબ દુવિધા અને મુશ્કેલીઓ થાય છે પરંતુ યથાસંભવ પ્રયાસ કરે, જેટલુ કરી શકીએ છીએ કરવું જોઈએ અને જો કોઈ મજબૂરી હોય તો સુંદર રીતે જવાબ આપી દે.

પછી ટ્રાન્સપોર્ટની વ્યવસ્થા પણ એક મોટી મહત્વ પૂર્ણ વ્યવસ્થા છે અને આ વખતે પાર્કિંગ દુર હોવાના કારણે અધિકતર શટલ બસોની વ્યવસ્થા કરવામાં આવી છે જેથી લોકો સમય સર જલસામાં પહોચી શકે અને કારો દ્વારા આવનાર મહેમાનોએ પણ આ ધ્યાન રાખવું જોઈએ તેમની પાર્કિંગ અધિક દુર પણ હોઈ શકે છે માટે ઉચિત સમયને ધ્યાનમાં રાખતા પોતાની યાત્રા કરે. તેવી જ રીતે અન્ય વિભાગ છે પ્રત્યેકે પોત પોતાના કામના તરીકાઓ તથા પોતાના કાર્યકર્તાઓનું પ્રશિક્ષણ મહેમાનોને અધિકથી અધિક સુવિધા આપવાના વિચાર સાથે કરવું જોઈએ. સમાજ સેવા અને સુરક્ષા કર્મીઓએ

પણ પહેલાથી અધિક સાવધાન થઈ કામ કરવું પડશે. અત્રે દુનિયાની જે હાલત છે, સાથે જ મહેમાનોનું આદર સંમાન અને ભાવનાઓનું ધ્યાન રાખતા આ તમામ કરવા છે. કાર્ડ ચેંક કરવા તથા અન્ય ચેકિંગ સ્કેનિંગ વગેરેમાં પ્રથમ દિવસથી લઈને અંતિમ દિવસ સુધી સંપૂર્ણ ધ્યાન આપવું પડશે અને પ્રત્યેક વાર જો કોઈ વ્યકિત બહાર જાય છે તો પાછા અંદર આવવાથી તેને ચેંક કરવો પડશે પરંતુ આ પણ ધ્યાન રાખવાનું કે તેમને કોઈ પણ પ્રકારનો આભાસ ન થાય કે કેવળ તેમના પર જ નજર છે અથવા કોઈ અનુચિત વ્યવહાર કરવામાં આવે છે. જલસા સાલાનામાં સામેલ થનાર પ્રત્યેક વ્યકિત હઝરત મસીહ મૌઉદ અ.સ.નો મહેમાન છે અને હઝરત મસીહ મૌઉદ અ.સ.નો અતિથિ હોવાના કારણે આપણે પ્રત્યેક મહેમાનને વિશેષ સમજવું છે તથા તેમના આતિથ્યનો ભરપુર પ્રયાસ કરવો છે. પ્રત્યેક વિભાગના અફસરોએ ઈચ્છવું જોઈએ કે પોતાના વિભાગથી સંબંધિત કમીઓ ધ્યાનમાં રાખવા માટે અમુક લોકોની ડયૂટીઓ લગાવી દે જે પોતાના વિભાગના કામોની કમી ભૂલનું નિરીક્ષણ કરી સાંજે પોતાના અફસરને રિપોર્ટ આપે તેના દ્વારા જલસાના સમયે પણ તથા આવતા વર્ષના જલસામાં પણ સુધાર પૈદા કરવામાં સહાયતા મળશે. હઝરત મસીહ મૌઉદ અ.સ.એ આ તરફ ધ્યાન અપાવતા એક અવસરે ફરમાવ્યું કે લંગરના અધિકારીઓએ મહેમાનોની જરૂરીયાતોનું નિરીક્ષણ કરતા રહેવું જોઈએ પરંતુ કેમકે તે એકલો માણસ છે એટલે અમુક વાર ચૂક થઈ જાય છે, અમુક વાતો નજરોથી ઓઝલ થઈ જાય છે માટે બીજો વ્યકિત યાદ અપાવી દે અને યાદ અપાવવાનો સૌથી સારો તરીકો છે કે અફસર સ્વયં કોઈને યાદ અપાવવા માટે નિયુકત કરે જે નિરીક્ષણ કરતો રહે કે કયાં કયાં કમી ભૂલ છે. ધનવાન અને નિર્ધનની સમાન રૂપથી મહેમાન નવાઝી થવી જોઈએ. એક અવસરે ફરમાવ્યું કે જે નવા અપરિચિત વ્યકિત છે અર્થાત આવનાર મહેમાન જે પુરી જાણકારી નથી રાખતા, અહીયા પણ અમુક નવા મહેમાન બીજા દેશોથી આવે છે, તો ફરમાવ્યું કે આ અમારૂ કર્તવ્ય છે કે તેમની પ્રત્યેક જરૂરીયાતનો ખ્યાલ રાખવામાં આવે ફરમાવ્યું કે અમુક વાર કોઈને શૌચાલયની ખબર નથી હોતી તો તેને ખુબ મુશ્કેલી થાય છે માટે જરૂરી છે કે મહેમાનોની જરૂરીયાતનો સંપૂર્ણ પણે ધ્યાન રાખવામાં આવે. આપે ફરમાવ્યું કે જે લોકોને આવા કામ માટે નિયુકત કરવામાં આવ્યા છે આ તેમનું કર્ત વ્ય છે કે કોઈ પણ પ્રકારની ફરિયાદ ન થવા દે કેમકે લોકો સૈકડો અને હઝારો મીલની યાત્રા કરીને શ્રદ્ધા અને નિષ્ઠા સાથે સત્યની શોધ માટે આવે છે.

પછી એક અવસરે હઝરત મસીહ મૌઉદ અ.સ.એ ફરમાવ્યું કે મારા નિયમ અનુસાર જો કોઈ મહેમાન આવે અને બુરા ભલા કહેવા સુધી પણ નોબત આવે તો તેને સહન કરવી જોઈએ. હઝરત મસીહ મૌઉદ અ.સ.એ મહેમાનની આવભગતના સ્તરનું વર્ણન કરનારની એક ઘટના લખી છે કે આલા હઝરત હઝરત હુજ્જતુલ્લાહ મસીહ મૌઉદ અ.સ. મહેમાનોની આવભગતનો રસૂલુલ્લાહ સ.અ.વ.ની જેમ ઉત્તમ અને જીવિત ઉદાહરણ છે જે લોકોને અધિક સમય સુધી આપની સંગતમાં રહેવાનો અવસર મળ્યો તે ખુબ જાણે છે કે કોઈ મહેમાનને ચાહે તે સિલસિલામાં સામેલ હોય કે ન હોય, અર્થાત અહેમદી છે કે નથી. થોડીક પણ મુશ્કેલી હુઝુરને બેચૈન કરી દેતી હતી કે નિષ્ઠાવાન મિત્રો માટે તો તેથી પણ અધિક આપની રૂહમાં જોશ અને પ્રેમ હતો. આ રીતે આ જોશ અને પ્રેમ આપણે જલસામાં આવનાર મહેમાનો માટે અધિકથી અધિક દેખાડવો જોઈએ. આંહઝરત સ.અ.વ.એ મહેમાનનું મહત્વ અને સંમાન વિશે આપણને શું આદેશ કર્યો છે આ વિષયની એક રિવાયત આવે છે કે રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું કે અલ્લાહ અને આખેરતના દિવસ પર ઈમાન માટે ત્રણ વાતો કરવી અનિવાર્ય છે. આ કે સારી વાત કહો અથવા ચુપ રહો, પોતાના પાડોશીનું આદર કરો અને ત્રીજી આ કે પોતાના મહેમાનનું સત્કાર કરો. આમ મહેમાનનું સમ્માન પણ અલ્લાહ અને આખેરતના દિવસ પર ઈમાનની શર્તોમાંથી એક શર્ત છે. તે સિવાય અન્ય ઘણી બધી શર્તો છે અથવા એક મોમિનના ઈમાનને ઉચ્ચ ધોરણ માટે આપણે કહી શકીએ છીએ કે મહેમાન નવાઝી પણ એક શર્ત છે.

મહેમાનની આવભગત અંર્તગત આ પણ જણાવી દઉ કે આંહઝરત સ.અ.વ. મહેમાનોના દીનના સ્તર અને માનસિકતાનું પણ ધ્યાન રાખતા હતા. આથી એક રિવાયતમાં આવે છે કે આપે આવનાર મહેમાનોને ભોજન કરાવ્યા પછી તેમની ઈચ્છા અનુસાર તેમને મસ્જિદમાં ઉંઘવા માટે મોકલી દીધા અને પછી સવારે ફઝરની નમાઝ માટે સૌને જગાડયા. તો જલસામાં જે તર્બિયતનો વિભાગ છે તે પણ એટલા માટે જ સ્થાપવામાં આવ્યો છે કે મહેમાનોને નમાઝ માટે પણ ધ્યાન અપાવે તથા ફઝર અને તહજ્જુદ માટે જગાડે પરંતુ વિનયતા અને વિનમ્રતા પૂર્વક. આમ, આ કેટલીક વાતો હતી જે મહેમાનોના હવાલાથી મેં કહી, અલ્લાહ તઆલા તમામ કાર્યકર્તાઓને હઝરત મસીહ મૌઉદ અ.સ.ના મહેમાનોની સુંદર રીતે સેવા કરવાનું સામર્થ્ય આપે. આમીન

ખુત્બા જુમ્માના અંતમાં સૈયદના હુઝુર અનવરે બે મરહૂમોના જનાઝા ગાયબ પઢવાની ઘોષણા ફરમાવી. પ્રથમ જનાઝો મુકર્રમ સૈયદ મુહમ્મદ અહેમદ સાહેબ પુત્ર હઝરત ડૉ. મીર મુહમ્મદ ઈસ્માઈલ સાહેબ રઝી.નો છે. જેઓનું ૧૩ જુલાઈના રોજ લગભગ ૯૨ વર્ષની આયુમાં લાહૌરમાં અવસાન થઈ ગયું. ઈન્ના લિલ્લાહે વ ઈન્ના ઈલૈહે રાજેઉન. બીજો જમાઝો મુકર્રમા મહમૂદા બેગમ સાહેબા પત્ની ચૌધરી મુહમ્મદ સિદ્દીક સાહેબ ભટ્ટનો છે. તેઓ મુકર્રમ અસગર અલી ભટ્ટ સહેબ મુબલ્લિગ સિલસિલા નાઈજેરીયાની માતાજી હતા. ૧૬ જુલાઈના રોજ ૭૩ વર્ષની આયુંમાં અવસાન થઈ ગયું. ઈન્ના લિલ્લાહે વ ઈન્ના ઈલૈહે રાજેઉન.

*******

## TOLL FREE NO: 180030102131

| Khulasa Khutba Jumma Huzoor Anwar 21 July 2017 |
|---|
| BOOK POST (Printed Matter)<br><br>To..........................................................................................<br>..........................................................................................<br>..........................................................................................<br><br>From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT. |